ગાંધીનગર સમાચાર

શહેરના આડા રસ્તા પર એલ.ઇ.ડી. લાઇટ ફીટ કરવાનુ કામ આરંભાયું



ચૈત્રની આ મોસમમાં મનડાંના મોરને પણ તેના તનડાં માટે મોર જોઈએ, અને એ પણ લીમડાનો...! લીમડાના તાજાં ફૂટેલા પર્ણ અને મોરના રસનું નૈણા કોઠે સેવન કરવાથી પિત્ત મટે અને રોગ પ્રતિકારક શક્તિ વધે. આજકાલ સહુ કોઈ લીમડાનો મોર શોધે છે... કોઈ પોતાની તંદુરસ્તી માટે લીમડાનો મોર ખરીદ છે, તો ઝુંપડામાં રહેતી આ ગરીબ બાળકી મિત્તલ પોતાના અને પોતાના પરિવારની તન-દુરસ્તી માટે લીમડાના મોરની એક જુડી ૧૦ રૂપિયામાં વેચે છે...!!! (તસવીર : હિરેન ભટ્ટ)

# મનપાની ૩૨ બેઠકો માટે ૧૦૮ ઉમેદવારો જંગમાં

## ૧૨ ઉમેદવારી પત્ર પાછા ખેંચાતાં ચૂટણી ચિત્ર સ્પષ્ટ થયુ : સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૭માં સૌથી ઓછા વોર્ડ નં. ૩માં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાનો ચૂંટણી જંગ ચાર રાષ્ટ્રીય પક્ષ, એક સ્થાનિક પક્ષ અને અપક્ષ ઉમેદવારો વચ્ચે લડાશે. આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે વધુ નવ મળી કુલ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચતાં હવે ૧૦૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૩૨ બેઠકો માટેના ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો ઉપરાંત રાષ્ટ્રવાદી કોંગ્રેસના ૯, બસપાના ૮ અને લોકવિકાસ મંચના ૧૬ તેમજ ૧૧ અપક્ષ ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

આજે સ્પષ્ટ થયેલા ચૂંટણી ચિત્ર મુજબ સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૭માં ૨૦ ઉમેદવારો જંગમાં છે જ્યારે સૌથી ઓછા ઉમેદવારો વોર્ડ નં. ૩માં ૧૦ ઉમેદવારો મેદાનમાં છે. વોર્ડ નં. ૧ અને ૫માં ૧૩-૧૩ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. તો વોર્ડ ૨ અને ૬માં ૧૧-૧૧ ઉમેદવારો વચ્ચે આ જંગ જામશે. વોર્ડ નં. ૪માં ૧૨ અને વોર્ડ નં. ૮માં ૧૮ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

આજે એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે વોર્ડ નં. ૭ અને ૮માં ઉમેદવારો વધુ હોવાથી બે-બે ઈવીએમ ચૂંટણીના મતદાન માટે ઉપયોગમાં લેવામાં આવશે.

આજે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે વોર્ડ નં. ૧માં લોક વિકાસ મંચના સેજલબેન ચૌધરીએ તેમનુ ઉમેદવારીપત્ર પાછુ ખેંચી લીધુ હતુ. વોર્ડ નં. ૩ અને ૪માંથી ૩-૩ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી છે.

વોર્ડ નં. ૩માં લોક વિકાસ મંચના ગોસ્વામી કલ્પનાબેન દિલીપકુમાર, જયશ્રીબેન પંડ્યા અને જયંતિભાઈ પટેલે ઉમેદવારી પાછી ખેંચી છે. જ્યારે વોર્ડ નં. ૪માંથી બે અપક્ષ ઉમેદવારો શ્રી રતનસિંહ ચાવડા, અબ્દુલ હમિદ રાઠોડે તેમજ રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુભદ્રાબેન દરજીએ ઉમેદવારી પાછી ખેંચી છે.

વોર્ડ નં. ૨માંથી રોહિત બારોટ (અપક્ષ) તેમજ જિતેન્દ્ર ઠાકોર (લો.વિ.મં.)ના ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચી લીધા છે.

વોર્ડ નં. ૬માંથી લોક વિકાસ મંચના ભાવેશ ચૌહાણે ઉમેદવારી પત્ર પાછુ ખેંચી લીધુ છે. વોર્ડ નં. ૭ અને ૮માં ગઈકાલે ચકાસણીને અંતે બે ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા હતા.

૩૨ બેઠક માટે ૧૭૧ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ હતુ. જેમાં ૫૧ ફોર્મ રદ થયા હતા અને ૧૨ ઉમેદવારીપત્રો પાછા ખેંચાતા હવે ૧૦૮ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

### ઉમેદવારી પત્રથી લઈ પાછા ખેંચવા સુધીની વણકથી વાતો

- કુલ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી તેમાં છ મહિલા ઉમેદવારો છે.
- છ મહિલા ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી તેમાં પાંચ લોકવિકાસ મંચની છે તો ૧ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ સાથે સંકળાયેલ છે.
- આજે સૌથી વધુ વોર્ડ નં. ૩ અને ૪માંથી ૩-૩ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા છે.
- વોર્ડ નં. ૩માં આ વખતે પણ મુકાબલો રોચક બનશે. પૂર્વ મેયર અને પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સામ-સામે જંગ લડી રહ્યા છે. આ વોર્ડમાં સૌથી ઓછા ઉમેદવારો મેદાનમાં છે.
- વોર્ડ નં. ૭ અને ૮માં બે-બે ઈવીએમ ઉપયોગમાં લેવાશે.

### કોને-કોને ઉમેદવારી પાછી ખેંચી

| | | |
|---|---|---|
| વોર્ડ નં. ૧ | સેજલબેન મનિષ ચૌધરી | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૪ | રતનસિંહ હિંમતસિંહ ચાવડા | અપક્ષ |
| વોર્ડ નં. ૪ | અબ્દુલ હમિદ જશવંત રાઠોડ | અપક્ષ |
| વોર્ડ નં. ૪ | શુભદ્રાબેન જીવણલાલ દરજી | એનસીપી |
| વોર્ડ નં. ૨ | રોહિત બળદેવ બારોટ | અપક્ષ |
| વોર્ડ નં. ૨ | જિતેન્દ્ર બચુજી ઠાકોર | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૩ | ગોસ્વામી કલ્પનાબેન દિલીપ | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૩ | જયશ્રીબેન અશ્વિન પંડ્યા | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૩ | જયંતિભાઈ કે. પટેલ | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૬ | ભાવેશ શાંતિલાલ ચૌહાણ | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૭ | ચેતનાબેન નયનકુમાર રાવલ | લોકવિકાસ મંચ |
| વોર્ડ નં. ૮ | ગાયત્રીબેન ધર્મેન્દ્ર રાવલ | લોકવિકાસ મંચ |

# અપક્ષોએ હેલ્મેટ વેલણ-પાટલી અને ડોલ ચિહ્ન તરીકે પસંદ કર્યા

## સૌથી વધુ અપક્ષો વોર્ડ નં. ૮માં તો વોર્ડ નં. ૨, ૫ અને ૭માં બે-બે અને વોર્ડ નં. ૧ અને ૩માં ૧-૧ મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા ૧૧ અપક્ષોએ મોંઘવારી અને સમસ્યાને વાચા આપતા તેમજ આવશ્યક વસ્તુઓની ચિહ્ન તરીકે પસંદગી કરી અને આ જંગમાં મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો છે.

વોર્ડ નં. ૩માં અપક્ષ ઉમેદવારે ફુગ્ગાની પસંદગી કરી છે. તો વોર્ડ નં. ૮માં એક અપક્ષ ઉમેદવારે હેલ્મેટની પસંદગી કરી છે. તો વોર્ડ નં. ૭માં એક અપક્ષ ઉમેદવારે વેલણ-પાટલીની ચિહ્ન તરીકે પસંદગી કરી છે. વોર્ડ નં. ૮માં એક અપક્ષ ઉમેદવારે હાથ લાકડી પસંદ કરી છે તો વોર્ડ નં. ૫માં એક અપક્ષ ઉમેદવારે કીટલી અને એક ઉમેદવારે ઈસ્ત્રી પર પસંદગી ઉતારી છે.

ગરમીનો સમય ચાલતો હોવાથી વોર્ડ નં. ૧ના અપક્ષ ઉમેદવારે હેટની ચિહ્ન તરીકે પસંદગી કરી છે. વોર્ડ-૨માં એક અપક્ષ ઉમેદવારે ડોલ તો એક ઉમેદવારે કવરની ચિહ્ન તરીકે પસંદગી કરી છે.

મહાનગરપાલિકાના જંગમાં કુલ ૧૧ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. સૌથી વધુ વોર્ડ નં. ૮માં ૩ અપક્ષ ઉમેદવાર છે જ્યારે વોર્ડ નં. ૨, ૫ અને ૭માં ૨-૨-૨ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. વોર્ડ નં. ૧ અને ૩માં ૧-૧ અપક્ષ ઉમેદવાર મેદાનમાં છે.

# લોક વિકાસ મંચના ૮ ઉમેદવારોએ ફોર્મ પાછું ખેંચતા હવે મંચના ૧૬ ઉમેદવારો જંગમાં

# શહેરમાં નિકાલ હેઠળના ૧૦૯૪ મકાનોનો કડુસલો

## ચોમાસા પુર્વે કામ પુર્ણ કરી દેવાશે : નવા સરકારી આવાસો બાંધવા માટે પણ સે-૭ અને ૧૩માં સ્થળ પસંદગી કરવામાં આવે તેવી સંભાવના : હાલ સે-૨૯ અને ૭માં કામ ચાલી રહયુ છે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણતાના આરે છે. સેકટર -૭ અને સે-૧૩માં નિકાલ હેઠળના મકાનો તોડવાની કામગીરી આખરી તબક્કામાં છે. અત્યાર સુધી ૧૧૦૦ જેટલા ભયજનક મકાનો તોડી પાડવામાં આવ્યા છે. નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણ થયા બાદ નવા સરકારી આવાસો બાંધવાનુ કામ હાથ ધરાશે. બીજા તબક્કામાં પણ હાઈરાઈઝ ટાવર બનાવવા માટે સે-૭માં જ સ્થળ પસંદગી કરવામાં આવે તેવી સંભાવના છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાની કામગીરી પુર્ણતાના આરે છે. જયારે અત્યાર સુધીમાં ૧૧૦૦ જેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૫માં ૧૯૦૫

● અનુસંધાન પાન-૭ પર

# હાયર એજ્યુકેશન કાઉન્સિલ રદ કરવા કોંગ્રેસની ઉગ્ર માંગ

## શિક્ષણનું સ્તર સુધારવા માટે માંગણી કરાઇ યુનિવર્સિટીઓને રાજ્ય સરકારના વિભાગ બનાવી દેવાની પહેલ થઇ હોવાનો કોંગ્રેસના નેતાના આક્ષેપથી હોબાળો

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં હાયર એજ્યુકેશન બીલ ૨૦૧૬ને વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું શોષણ કરનારું તથા શાંતિ બિઝનેશ સ્કુલ જેવા કૌભાંડીઓને સુરક્ષા આપનારું ગણાવીને આ હાયર એજ્યુકેશન કાઉન્સીલને રદ કરવા અને શાંતિ બિઝનેશ સ્કુલ અને જવાબદારો સામે પગલાં લેવાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પૂર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ માંગણી કરી હતી. મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શિક્ષણનું સ્તર ઉચ્ચુ આવે અને ગુજરાત રાજયની યુનિવર્સિટીઓ દેશ અને વિદેશમાં સર્વોચ્ચ યુનિવર્સિટીઓમાં સ્થાન પામે તે માટે વાતાવરણ બનાવીને રચનાત્મક પગલાં લેવાને બદલે રાજયની યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમ સાંસ્કૃત્તિક અને રમતગમતના કાર્યક્રમો, બદલીઓ, અભ્યાસક્રમોમાં ફેરફારો પોતાના કામકાજમાં સીધી જ દરમ્યાનગીરી કરી શકાય, યુનિવર્સિટી ઉપર સંપૂર્ણ નાણાંકીય બાબતો ઉપર સંપૂર્ણ કબજો મેળવવા તથા પોતાની પસંદગીના ખાનગી યુનિવર્સિટીઓ ચલાવીને શિક્ષણનો વેપાર કરતાં તત્વોને સરકારી તિજોરીમાંથી મદદ કરવાના ઈરાદાથી યુનિવર્સિટીઓને રાજય સરકારની દાસી બનાવનારો ગુજરાત હાયર એજ્યુકેશન કાનુન ભાજપાની સરકારે હોય છે.

મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, હાયર એજ્યુકેશન કાઉન્સીલની રચના વિદ્યાર્થીઓ, શિક્ષકો કોલેજ સંચાલકોને મદદ કરવા અને ગુણવત્તા વધારવાનો હતો. તેની જગ્યાએ દેશના કોઈ પણ રાજયમાં ન હોય તેવી કલમો ઉમેરીને હવેથી યુનિવર્સિટીઓને રાજય સરકારના વિભાગ બનાવી દેવાની પહેલી થઈ છે. આ કાઉન્સીલમાં ચેરમેન અને મુખ્ય હોદ્દાઓ ઉપર શિક્ષણવિદોની જગ્યાએ મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને સચિવઓને નિમવાની જોગવાઈ કરીને તેને સરકારનો જ હિસ્સો બનાવી દેવાયો છે. અર્જુનભાઈ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી અને આર એસ એસને જે યુનિવર્સિટીઓની સ્વાયત્તતા સાંપના કણાંની જેમ ખૂંચ છે. તે દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી અને હેદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીને દેશમાં ટોચના પ્રથમ દશ યુનિવર્સિટીમાં તથા વિશ્વની અગ્રીમ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવે છે. પરંતુ ગુજરાતમાં ભાજપનું સત્તામાં આગમન થયા પછી, યુનિવર્સિટીઓનો દરજ્જો સમગ્ર દેશની છેવાડાના યુનિવર્સિટીઓમાં પહોંચી ગયો છે અને આ કાયદો આવ્યા પછી યુનિવર્સિટીઓને દરજ્જો વધારે પાછળ જશે.



હવે લીંબુ-સિકંજી પાટનગરમાં - ગરમીની મોસમમાં ઠંડક આપતું દિલ્હીનું લોકપ્રિય પીણું લીંબુ-સિકંજી ગાંધીનગરમાં ઉપલબ્ધ બન્યું છે... ગણતરીના દિવસોમાં જ લીંબુ-સિકંજીનો ટેસ્ટ લોકપ્રિય બની ગયો છે... જોકે બરફના પ્રમાણ અંગે વિવાદ ઘેરો છે... બરફની ગુણવત્તા પર પીણાની શુદ્ધતા અવલંબે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગ ભુલાયાં : જયનારાયણ વ્યાસ

## કર્મચારીઓને વધુ તાલીમ પુરી પાડવા આયોજન : ઔદ્યોગિક એકમોના સ્ટાફને ફ્રી નાણાંકીય તાલીમ આપવા એસએમઇ નર્સરીની સ્થાપના હવે કરવામાં આવી ચુકી

અમદાવાદ, તા.૧૨

ગુજરાતને ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ નંબર-૧ બનાવવામાં લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો એસએમઈનો સિંહફાળો છે. આમ છતાં અત્યાર સુધીમોટા ઉદ્યોગોને જ પ્રોત્સાહન આપવામાં એસએમઈનો વિકાસ સાધવાનું ક્યાંકને ક્યાંક ભુલાઈ ગયું હતું. જેના કારણે જ માંદા એકમોની સંખ્યાની દ્રષ્ટિએ ગુજરાત નંબર-૨ બન્યું છે. બિઝનેસ અને નાણાકીય બાબતો એક સિક્કાની બે બાજુ છે. મોટાભાગના એસએમઈ નાણાકીય પાસાંઓ અંગે મૂંઝવણ અનુભવે છે. આવા સંજોગોમાં એસએમઈ નર્સરી આશીર્વાદરૂપ બની રહેશે, એમ ભૂતપૂર્વ આરોગ્યપ્રધાન જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું. લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોના કર્મચારીઓને નાણાકીય પાસાંઓની વિનામૂલ્યે તાલીમ આપવા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) તરફથી ભારતની સૌપ્રથમ એસએમઈ નર્સરીની સ્થાપના કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના આડા રસ્તા પર એલ.ઈ.ડી. લાઈટ ફીટ કરવાનુ કામ આરંભાયું

## અત્યાર સુધી ૪૦ થાંભલાઓમાં એલઈડી ફીટ કરાઈ : પ્રાયોગિક ધોરણે ૧ હજાર એલ.ઈ.ડી. મુકાશે : શહેરમાં ટુંક સમયમાં એલ.ઈ.ડી.લાઈટનુ અજવાળુ પથરાશે

ગાંધીનગર તા ૧૨

શહેરના આડા રસ્તા પર ટુંક સમયમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે હાલ ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર એલ ઈ ડી લાઈટના ફીટીંગનુ કામ ચાલી રહયુ છે જયારે અત્યાર સુધીમાં ૪૦ પોલ્સમાં કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે પ્રાયોગિક ધોરણે ૧ હજાર જેટલા થાંભલામાં એલઈડી લાઈટ જળહળતી જોવા મળશે. સ્માર્ટ સીટીના ભાગરૂપે આ નવા પ્રોજેકટનુ કામ શરૂ કરવામાં આવ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરના સેકટરોમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ છે. જયારે સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ હાલ ટોરેન્ટ પાવર સંભાળે છે. જયારે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પાથરવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે સરકારે વીજબીલ સહીત તોતિંગ ખર્ચ વેઠવો પડે છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં એલઈડી લાઈટ ફીટ કરવા માટેનો પ્રોજેકટ વિચારણા હેઠળ હતો. જયારે શરૂઆતના સમયમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ સંદર્ભે પ્રયોગિક ધોરણે આડા રસ્તા પર જ આ લાઈટનુ ફીટીંગ કરવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. હાલ આ અન્વયે સેકટરોમાં કામગીરી ચાલી રહી છે. જેમાં શહેરના ઘ-૨ થી ગ-૨ તરફ જવાના માર્ગ પર કામ ચાલી રહયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ અત્યાર સુધીમાં ૪૦ જેટલા થાંભલામાં એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવામાં આવી છે. જયારે શહેરના મોટાભાગના રસ્તાઓને આવરી લેવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧ હજાર જેટલી લાઈટ ફીટ કરવામાં આવશે. સ્માર્ટ સીટીના ભાગરૂપે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. પ્રાયોગિક કામગીરી ફેવરેબલ રહે ત્યારબાદ આગળનુ આયોજન કરવામાં આવશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

પવિત્ર શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે ભવ્ય
॥ શિવ મહાપુરાણ કથા ॥
વ્યાસ પીઠ વક્તા : શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ
યાત્રા પ્રારંભ : તા. ૨૦/૮/૧૬ ● પરત : તા. ૩૦/૮/૧૬
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૫/૪/૧૬, શુક્રવાર રામનવમી છે
ડિપોઝીટ પેટે રૂ. ૧૫૦૦/- આપી ફોર્મ ભરવાનું રહેશે.
સંપર્ક : ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૭૪૧૭૭૧૮૪

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com